# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date :01-06-2026** **Midday : 2.30 to 2.35pm**
**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

(સમાચારને અંતે)

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતા. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૅ કરશો.**

-----------------------------------------------------------------

**આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)**

**(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)**

**(CLOSING MUSIC)**

# STATE CENSUS START

રાજ્યભરમાં આજે પહેલી જૂનથી વસતિ ગણતરી 2027ના પ્રથમ તબક્કાનો પ્રારંભ કરાયો. આગામી 30 જૂન સુધી એક લાખ 10 હજારથી વધુ ગણતરીકારો ઘરે-ઘરે જઈ ગણતરી કરશે. આ કામગીરીમાં સૌને સહભાગી થવા વસતિ ગણતરી નિયામક સુજલ જે. મયાત્રાએ અનુરોધ કર્યો છે. તેમણે કહ્યું, ઘર-યાદી અને મકાનોની ગણતરી – HLO દરમિયાન ગણતરીદારો દ્વારા કુલ 33 જેટલા પ્રશ્ન પૂછવામાં આવશે. સાથે જ બેન્કની વિગત, આધારકાર્ડ કે અન્ય કોઈ માહિતી લોકો પાસેથી માગવામાં નહીં આવે.

**(BYTE: SUJAL MAYATRA, DIRECTOR OF CENSUS OPERATIONS)**

# RAJKOT CENSUS

રાજકોટ જિલ્લામાં વસતિ ગણતરીના પહેલા તબક્કાની કામગીરી હેઠળ જિલ્લાભરમાં બે હજાર 711 ગણતરીદારો પહેલા વિસ્તારની ઓળખ કરશે. ત્યારબાદ ઘરેઘરે જઈ માહિતી એકત્રિત કરશે. જ્યારે 446 જેટલા નિરીક્ષક સમગ્ર કામગીરીનું નિરીક્ષણ અને સંકલન કરશે.

ઉલ્લેખનીય છે કે, જિલ્લામાં વસતિ ગણતરીની કામગીરી યોગ્ય થાય તે માટે 11 તાલુકા અને છ નગરપાલિકામાં કુલ મળીને ત્રણ હજાર 400થી વધુ ગણતરીદારો અને નિરીક્ષકને તાલીમ અપાઈ છે.

# AMD VIRAMGAM DEMOLITION

અમદાવાદના વિરમગામમાં રાજમાર્ગ વિસ્તરણ પરિયોજના માટે મોટાપાયે દબાણ દૂર કરવાની ઝૂંબેશ હાથ ધરાઈ. તંત્ર દ્વારા અત્યાર સુધી અંદાજે ચાર હજાર ચોરસ મીટર પરથી દબાણ હટાવાયું છે. અધિકારીઓ દ્વારા કડક સુરક્ષા હેઠળ આ કામગીરીનું નિરીક્ષણ કરવામાં આવી રહ્યું હોવાનું અમદાવાદ ગ્રામ્ય પોલીસના વિરમગામ વિભાગના નાયબ પોલીસ અધિક્ષક તપનસિંહ ડોડિયાએ જણાવ્યું.

(BYTE: TAPAN SINGH DODIA, DEPUTY SUPERINTENDENT OF POLICE, VIRAMGAM DIVISION, AHMEDABAD RURAL POLICE)

# OPERATION MULE HUNT 2.0

રાજ્ય પોલીસ દ્વારા ઑપરેશન મ્યૂલ હન્ટ હેઠળ બે હજાર 289 કરોડ રૂપિયાની સાયબર છેતરપિંડીનો પર્દાફાશ કરાયો. સત્તાવાર યાદી મુજબ, સાયબર ઉત્કૃષ્ટતા કેન્દ્ર દ્વારા ચલાવાયેલા આ અભિયાન અંતર્ગત 913 જેટલા મ્યૂલ એકાઉન્ટ એટલે કે, સાયબર છેતરપિંડીથી નાણા મેળવવા માટે ઉપયોગમાં લેવાતા બેન્ક ખાતા સામે કાર્યવાહી કરવામાં આવી. તેમજ 565 પ્રાથમિક તપાસ અહેવાલ – F.I.R. નોંધી 638 લોકોની ધરપકડ કરવામાં આવી છે.

હવે ભારતીય રિઝર્વ બેન્ક – R.B.I. કૃત્રિમ બુદ્ધિમત્તા – A.I.ની મદદથી મ્યૂલ એકાઉન્ટ સામે કાર્યવાહી કરશે. ઉપરાંત ખાતાઓના વ્યવહારને જોખમના આધારે વર્ગીકૃત કરાશે.

# ARAVALLI POCSO CASE

અરવલ્લી જિલ્લામાં વિશેષ પોક્સો અદાલતે સાત દિવસમાં બીજો ચૂકાદો જાહેર કરી દુષ્કર્મના આરોપીને 20 વર્ષની સજા સંભળાવી. દોઢ વર્ષ પહેલા ધનસુરા પંથકની એક સગીરા સાથે સંકળાયેલા કેસમાં અદાલતે આ ચૂકાદો આપ્યો હોવાનું સરકારી વકીલ ડી. એસ. પટેલે જણાવ્યું.

**(BYTE: D. S. PATEL, PUBLIC PROSECUTOR)**

# STATE WEATHER FORECAST

હવામાન વિભાગ દ્વારા સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, દાહોદ, છોટાઉદેપુર અને નર્મદા જિલ્લામાં છૂટાછવાયા સ્થળ પર આજે ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. ઉપરાંત દેવભૂમિદ્વારકા, જામનગર અને પોરબંદર સિવાયના જિલ્લાઓમાં માવઠાંની શક્યતા છે. આ સાથે જ અનેક શહેર અને જિલ્લામાં મહત્તમ તાપમાનનો પારો 40 ડિગ્રી સેલ્સિયસથી નીચે આવી ગયો છે.

# DWARKA SHIVRAJPUR BEACH

દેવભૂમિદ્વારકા નજીક આવેલા શિવરાજપુર બીચ પર આગામી 30 જુલાઈ સુધી ન્હાવા અને સ્વિમિંગ કરવા પર પ્રતિબંધ મુકાયો. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામા મુજબ, લાઈટ હાઉસ સરવે નંબર 58થી લઈ શિવરાજપુર ખાડી 2-ના છેડા સુધીનો વિસ્તાર પ્રતિબંધ હેઠળ રહેશે. બીચની નિયમિત જાળવણી અને સુરક્ષાને ધ્યાને રાખી આ નિર્ણય કરાયો હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

# VADNAGAR BEAUTIFICATION

મહેસાણામાં વડનગરને વિશ્વ સ્તરનું હેરિટેજ ટાઉન એટલે કે, ઐતિહાસિક વારસાને જાળવી રાખતું નગર બનાવાશે. આ માટે સરકાર દ્વારા 125 કરોડ રૂપિયાના ખર્ચે શહેરી વિકાસ અને માર્ગ સૌંદર્યકરણ પરિયોજનાના બીજા તબક્કાની કામગીરી કરશે. આગામી ઑગસ્ટ મહિનાથી શરૂ થનારા આ કામ અંતર્ગત 13 મુખ્ય માર્ગ અને અંદાજે 9.4 કિલોમીટર લાંબા માર્ગનો હેરિટેજ વિષવસ્તુ આધારિત વિકાસ કરાશે.